# જૂનાગઢ જિલ્લામાં P.M.KUSUM (કોમ્પોનન્ટ-B) યોજના

## માનનીય ધારાસભ્યશ્રી – સંજયભાઈ કોરડીયા – જુનાગઢ

**(૧) પ્રધાનમંત્રી કિસાન ઊર્જાસુરક્ષા એવમ ઉત્થાન (PM–KUSUM) (કોમ્પોનન્ટ-B) યોજના શું છે ?**

**આ યોજના હેઠળ ખેડૂતને કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા કેટલી સબસીડી આપવામાં આવે છે?**

જવાબ

**પ્રધાનમંત્રી કિસાન ઊર્જાસુરક્ષા એવમ ઉત્થાન (PM–KUSUM)(કોમ્પોનન્ટ-B) યોજના**

- સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત એવી સૌર ઊર્જાના મહત્તમ ઉપયોગ થકી પર્યાવરણની સુરક્ષા થાય તેમજ ખેડૂત સૌર ઊર્જાનો તેના ખેતીવાડી વીજ જોડાણ માટે ઉપયોગ કરી બિન-પરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં સહભાગી બને તે હેતુથી ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન PM–KUSUM યોજના હેઠળ સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ આપવામાં આવે છે.

- આ યોજનામાં હયાત ગ્રીડથી બહુ જ દૂર હોય તેવા દુર-સુદુરના દુર્ગમ વિસ્તાર તેમજ જંગલ વિસ્તારમાં પિયત સુવિધા ધરાવતા ખેડૂતો અને ખેત તલાવડી તથા સરફેસ વોટરથી પિયત સુવિધા ધરાવતા ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ માટે સહાય કરવામાં આવે છે. આ યોજનામાં ખેડૂતને ૭.૫ હો.પા. સુધીની ક્ષમતાના સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટમાં સબસીડી આપવામાં આવે છે.

## કેન્દ્ર અને રાજ્ય સરકારની સબસીડી

- આ યોજનાહેઠળ ખેડૂતને ફુલ સીસ્ટમ (બેન્ચમાર્ક કોસ્ટ અથવા ટેન્ડર કોસ્ટમાં ઓછુ હોય તે) ખર્ચના ૩૦% રકમ કેન્દ્ર સરકાર તરફથી સબસીડી આપવામાં આવે છે ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ ૩૦ % રકમની સબસીડી આપવામાં આવે છે અને બાકીની ૪૦% રકમ ખેડૂતે ભરવાની રહે છે.
- ઉપરોક્ત સબસીડી ૭.૫ હો.પા.ની ક્ષમતા સુધીના પંપસેટ માટે મર્યાદિત છે.

## સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવનાર તેમજ નાના અને સીમાંત ખેડૂતોને પ્રાધાન્ય

- આ યોજનામાં નાના અને સીમાંત ખેડુતોને તેમજ સિંચાઇના હેતુ માટે પાણીનો ઉપયોગ ઓછો થાયતે માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવનાર ખેડૂતને પ્રાધાન્ય આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ પિયત સહકારી મંડળી અને ક્લસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમ પણ આવરી લેવામાં આવેલ છે.

## માનનીય ધારાસભ્યશ્રી – ભગવાનજીભાઈ કરગટીયા – માંગરોળ

**(૨) રાજ્યના જંગલ વિસ્તારના ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે PM-KUSUM (Component–B) યોજના હેઠળ સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ આપવા માટે કોઈ ખાસ જોગવાઈ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ? તથા**

**- આવા જંગલ વિસ્તારજો આદિજાતિ વિસ્તારમાં હોય તો આ આદિજાતિ વિસ્તારના ખેડૂતોનેસૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ માટે શું નાણાં ભરપાઈ કરવાના થાય છે ?**

**જવાબ**

- રાજ્યના જંગલ વિસ્તારના ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે PM-KUSUM (Component–B) યોજના હેઠળ સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ આપવા માટે સબસીડીની ખાસ જોગવાઈ કરતો ઠરાવ નવેમ્બર – ૨૦૨૧ રાજ્ય સરકારના ઊર્જા વિભાગ કરવામાં આવેલ છે.

✓ જે મુજબ સૌર ઊર્જા સંચાલિત પંપ-સેટ માટે લાભાર્થીને ખરેખર ભરવાપાત્ર ૪૦ ટકા રકમની જગ્યાએ ફિક્સ ચાર્જ એટલે કે માત્ર રૂપિયા ૬૫૦૦/- થી ૧૨૦૦૦/- હોર્સ પાવર પ્રમાણે ભરવાની થાય છે. બાકીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વધારાની સબસીડી રૂપે ખેડૂતને રાહત તરીકે આપવામાં આવે છે.

✓ આદિજાતિ વિસ્તારના ખેડૂતોને ફિક્સ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. એટલે કે આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ખેડૂતોએ કોઈ જ રકમ ભરવાની રહેતી નથી.

# માનનીય ધારાસભ્યશ્રી – દેવાભાઇ માલમ – કેશોદ

**(3) PM-KUSUM Component–B યોજના હેઠળ જે ૧૫ વીજ જોડાણ જૂનાગઢ જિલ્લામાં આપવામાં આવ્યા છે તે વીજ જોડાણો માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલી રાહત આપવામાં આવી છે તથા અરજદાર દ્વારા કેટલી રકમ ભરપાઈ કરવાની થાય છે ?**

**જવાબ**

આ યોજના મુજબ લાભાર્થીને કુલ સીસ્ટમ (બેન્ચમાર્ક કોસ્ટ અથવા ટેન્ડર કોસ્ટમાં ઓછુ હોય તે) ખર્ચના ૩૦% રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, ૩૦% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે અને બાકીની ૪૦% અને ન મળવાપાત્ર થતી સબસીડીની રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહે છે.

પરંતુ રાજ્ય સરકારની યોજના પ્રમાણે જો અરજદારના વીજ જોડાણ માટે વીજ લાઈન વનવિસ્તારમાંથી પસાર કરવાની થાય તેવા કિસ્સામાં અરજદાર દ્વારા યોજના હેઠળ ભરપાઈ કરવાના ૪૦% ફાળાના બદલે માત્ર ફીક્સ્ડ કોસ્ટ જે (નવીન વીજ જોડાણ લેવા માટે ભરપાઈ કરવાનો થાય તે)નો ફાળો ભરપાઈ કરવાનો રહે છે અને બાકીનો ફાળો પણ રાજ્ય સરકાર દ્વારા સબસીડી પેટે આપવામાં આવે છે. વધુમાં આદિજાતિ વિસ્તારના લાભાર્થીનો ફીક્સ્ડ ચાર્જનો ફાળો પણ સરકાર દ્વારા સબસીડી તરીકે રાહત આપવામાં આવે છે.

ઉપરોક્ત અન્વયે જુનાગઢ જિલ્લામાં આપવામાં આવેલ ૧૫ વીજજોડાણ માંથી ૧૪ અરજદારોને ૪૦% ફાળા સામે ૧૩ અરજદરોને માત્ર રૂ. ૬૫૦૦/- તથા ૧ અરજદારને માત્ર રૂ. ૧૨૦૦૦/- ભરપાઈ કરેલ છે એટલે કે કેન્દ્ર અને રાજ્ય સરકારની સબસીડી રૂ. ૩૧.૫૪ લાખ ઉપરાંત રૂ.૧૯.૭૫ લાખની વધારાની રાહત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

બાકીના ૧ અરજદાર દ્વારા યોજનાનાં ધારાધોરણ મુજબ ૪૦% ફાળા પ્રમાણે રૂ. ૧.૪૦ લાખ ભરપાઈ કરેલ છે અને રાજ્ય સરકાર દ્વારા સબસીડી પેટે રૂ. ૨.૧૦ લાખની રાહત આપવામાં આવેલ છે.